# વીજ ઝબકે મોતી પરોવી...

**ભગવાનના** ધારક ગુણાતીત સ્વરૂપનો અંતરનો રાજીપો દુર્લભ છે; અને સહેલોપણ નથી. પરંતુ, એ પ્રાપ્ત થાય પછી કશું બીજું પ્રાપ્ત કરવાની ખેવના મટી જાય છે. એ પરમ આનંદ, સમત્વ અને દિવ્યતાના અખંડ અનુભવની સ્થિતિ છે. વીજળીના ઝબકારાના પ્રકાશમાં મોતી પરોવી લેવાની વાત છે.

આપણા જીવનકાળની એવી જ એક ક્ષણ અત્યારે આવી છે. સાહેબદાદા – શ્રી અક્ષરપુરુષોત્તમના સાકાર પ્રગટ દિવ્ય સ્વરૂપના અંતરનો રાજીપો પ્રાપ્ત કરવાનો અવસર આવ્યો છે. કૃપા કરીને અપાર અનુગ્રહ વરસાવતા સ્વયં સાહેબદાદાએ જ આપણને સૌને આ અવસર આપ્યો છે; અને, વિશેષ દયા કરીને તેના માહાત્મ્યને ઝડપી લેવા તેઓએ સ્વયં હાકલ પણ કરી છે.

એ દિવ્ય કલ્યાણકારી અને અણમોલ અવસર છે શ્રી સ્વામિનારણ મંદિર નિર્માણનો, શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજને મધ્ય ગર્ભગૃહે પધરાવી ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજના યુગકાર્યને વહેતું રાખવાનો ! એ યુગકાર્ય કયું ? શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સ્પષ્ટ, અચળ સમજણને સહજ આચરણમાં જીવતા મહામાનવોના સમાજનિર્માણનું !

સર્વ તપ, વ્રત, ઉત્સવ, કીર્તન, સેવા, સમાગમ, વિચરણ, ધ્યાન, ભજન ને પ્રાર્થનાનાં અંતિમ ધ્યેય એક જ છે : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં સહજ અખંડ આચરણે જિવાતાં દિવ્ય જીવન !

એક અર્થમાં માનવ ઉત્થાન, સમાજ ઉત્થાન અને વૈશ્વિક ઉત્થાનની આ મોટામાં મોટી આધ્યાત્મિક ઉત્ક્રાંતિ છે; માનવ સભ્યતાના મનસને એક ઉન્નત સ્તરે ઊર્ધ્વગતિ આપવાની દિવ્ય પ્રગતિ છે.

તેથી, તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નિર્માણ પામી રહેલાં આ મંદિરજી માત્ર પથ્થરની કોઈ ભવ્ય કલાત્મક ઈમારત માત્ર નથી. એ જીવંત પ્રેરણાનાં પ્રતીક થનાર છે ! એ પ્રેમ, પવિત્રતા, ભક્તિ, શાંતિ, સંવાદિતા અને આનંદને સહજ જીવવાની યાત્રાનાં માર્ગદર્શક બનનાર છે ! આપણી પેઢી જેના નિર્માણમાં સેવા કરવાનું જીવનનું શ્રેષ્ઠતમ્ ગૌરવ લઈ જીવી જાય તેવાં આ મંદિરજી આવનારી આપણી અનેક પેઢીઓના સર્વાંગે નિરામય અને દિવ્ય જીવનનાં કેન્દ્રસ્રોત બનવાનાં છે.

માટે, અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિર્માણ પામી રહેલાં આ મંદિરજીની સેવામાં આપણું પ્રિય, અહોહોભાવે, નિર્દોષબુદ્ધિએ યુક્ત સેવારૂપે જે કંઈ પણ અર્પણ કરીશું તે આપણને સાહેબદાદાના અંતરનો રાજીપો પ્રાપ્ત કરાવશે.

વીજળી ઝબકી રહી છે. સાહેબદાદાના અંતરનો રાજીપો પ્રાપ્ત કરી લેવા રૂપી મોતીડાં પરોવી લેવાની આ શ્રેષ્ઠતમ્ તક છે. તેમાં ઊંઘતા ન રહીએ, તક ચૂકી ન જઈએ તેની જાગ્રતતા રાખીએ.

હૈયામાં ને જીભ પર સતત સ્વામિનારાયણ મહામંત્ર, દૃષ્ટિમાં નિર્દોષભાવ ને વિચાર વર્તનમાં સાહેબદાદાના મહિમા ને ભક્તોની-સંતોની પ્રભુના ભાવે સેવાના ધન્યભાવને માણતાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મંદિર મહોત્સવના જયજયકાર સાથે ચાલો, યાહોમ કરીને ઝુકાવીએ... ફતેહ છે આગે!

◆

~ ડૉ. મનોજ સોની